**તા.૦૮/૦૨/૨૦૨૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૯૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૩૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૬૯૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૪૫૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૧૯૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૧૯૬/૨૦૨૫**

**સેટેલાઈટઃ** આંબલી ઈસ્કોન રોડ હઠીસીંગની વાડી સામે આવેલ બીનોરી ‘બી’ સ્કવેર–૨ સાતમાં માળે આવેલ પહલ ફાયનાન્સીયલ સર્વીસ પ્રા.લિ.કંપની ખાતે રિઝનલ મેનેજર તરીકે નોકરી કરતા ધ્રુમિનભાઈ અરવિંદભાઈ રુવલા (ઉ.વ.૫૧) (રહે. અર્જુન રેસીડેન્સી દર્શન ફ્લેટ પાસે રન્ના પાર્ક ઘાટલોડીયા) એ તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આંબલી ઈસ્કોન રોડ હઠીસીંગની વાડી સામે આવેલ બીનોરી ‘બી’ સ્કવેર–૨ સાતમાં માળે આવેલ પહલ ફાયનાન્સીયલ સર્વીસ પ્રા.લિ.કંપનીની ખેરાલુ બ્રાન્ચ ખાતે સેલ્સ એક્ઝીક્યુટીવ તરીકે કામ કરતા (૧) વિક્રમભાઈ સોનાજી માલી (રહે. માલીવાસ દેદુઆ તા.થરાદ જી.બનાસકાંઠા) અને ડાયરેક્ટ સેલીંગ એજન્ટ તરીકે કામ કરતા (૨) વિક્રમભાઈ જોઈતાભાઈ ચૌધરી (રહે. ગામ–થેરવાડા તા.ખેરવાડા જી. બનાસકાંઠા) એ ભેગા મળી તા.૨૯/૦૪/૨૦૨૪ થી તા.૨૩/૦૮/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આંબલી ઈસ્કોન રોડ હઠીસીંગની વાડી સામે આવેલ બીનોરી ‘બી’ સ્કવેર–૨ સાતમાં માળે આવેલ પહલ ફાયનાન્સીયલ સર્વીસ પ્રા.લિ.કંપની ખાતેથી ગ્રાહકોના ડોક્યુમેન્ટ આધારે ફાઈનાન્સ કંપનીમાંથી ત્રણ ગ્રાહકોની મળી લોન ૧૭,૪૫,૦૦૦/– મંજુર કરાવી લોનના નાણાં ગ્રાહકોને નહી આપી પોતાના ખાતામાં મેળવી લઈ છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી હરીચંદ્રસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

**ઘરફોડઃ–** **સમાચાર યાદી નં.૧૯૭/૨૦૨૫**

**રામોલઃ** જયરાજસિહ પ્રદ્યુમનસિંહ ઝાલા (રહે. શ્રીનાથજી બંગ્લોઝ તક્ષશીલા સ્કુલની બાજુમાં વસ્ત્રાલ) એ તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે એક મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ, જયરાજિસહ ઝાલાના મકાનના દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧,૭૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫,૦૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.બી.ચૌધરી ચલાવે છે.

**સ્કુલમાંથી ચોરીઃ–** **સમાચાર યાદી નં.૧૯૮/૨૦૨૫**

**આનંદનગરઃ** રમેશભાઇ સ/ઓ વિઠ્ઠલભાઇ પ્રજાપતિ (ઉ.વ.૬૪) (રહે. દેવપ્રિય બંગલોઝ વિભાગ–૨ મધુર હોલ પાછળ આનંદનગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૨/૨૦૨૫ સાંજના ૭/૦૦ થી તા.૦૭/૦૨/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર વ્રજધામ હવેલી સામે વિદ્યાનગર હાઇ સ્કુલના ઓફીસનો દરવાજો તોડી અજાણી વ્યકિત પ્રવેશ કરી તીજોરીમાંથી રોકડા રૂપિયા ૩,૮૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.કે.ભારાઇ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૧૯૯/૨૦૨૫**

**ઓઢવઃ** વૈભવસિંહ મુકેશસિંહ ઠાકોર (રહે.છાપરાં વિસ્તાર ઓસમીયા ગામ–સીંગરવા તા–દસ્ક્રોઇ અમદાવાદ) એ તા.૦૭/૦૨/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૨/૨૦૨૫ કલાક ૧૨/૦૦ થી કલાક ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ નવી ઓળ વિભાગ–૨ સીંગરવા ખાતે મંડપમાંથી નિકોન કંપનીનો લેન્સ તથા મેમેરી કાર્ડ સાથે કેમેરા કિમત રૂપિયા ૧,૪૦,૦૦૦/– અજાણી વ્યકિત ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આઇ.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૨૦૦/૨૦૨૫**

**શાહપુરઃ** જયેશ પ્રવિણભાઈ માલવી (ઉ.વ.૩૮) (રહે. સન ડીવાઈન વ્રજધામ સામે ઘાટલોડીયા) નાઓ તા.૦૭/૦૨/૨૦૨૫ સવારના ૧૦/૪૫ વાગ્યાના સુમારે દરીયાપુર મ્યુનિસીપલ સરસ્વતી મંદિર શાળા નંબર–૮ સામે કાતરની ધાર કાઢવાની પોતાની દુકાન ખાતે કામ કરતા હતા ત્યારે ગ્રાઈન્ડરનો હેમરી પથ્થર તુટી જતા તેમના માથામાં વાગતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.એલ.રાવલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી